| | | |
|---|---|---|
| GJKH040003552021 | | કેસ દાખલ થયા તા.૦૫.૦૮.૨૦૨૧<br>કેસ રજી.થયા તા.૦૫.૦૮.૨૦૨૧<br>કેસ ફેંસલ તા.૧૬.૦૩.૨૦૨૬<br>સમયગાળો : વર્ષ, માસ, દિવસ<br>૦૪–૦૭–૧૧ |

## –: નમુનો–અ :–

| |
|---|
| **માતરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.માતર.**<br>**ચુકાદાની તારીખ: ૧૬–૦૩–૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.૨૩૪–૨૦૨૧**<br>**આંક–** |

| **ગુનાની વિગત** | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ફ.ગુના રજી.નં.૨૦૯/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | માતર, તા.માતર, જી.ખેડા |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી પક્ષ | ઉમેશભાઇ ગુલાબભાઇ ખટીક, રહે.નારણપુરા ૩૦૮ લખુડી, તા.જી.અમદાવાદ |
| રજુઆત | વિ.વ.શ્રી કે.આઇ.બ્રહ્મભટ |

## –: નમુનો–બ :–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૮–૦૭–૨૦૨૦ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૨–૦૮–૨૦૨૦ |
| આખરી અહેવાલની તારીખ | ૦૫–૦૮–૨૦૨૧ |
| પ્લી/તહોમતની તારીખ | ૨૯–૦૧–૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૫–૦૨–૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૬–૦૩–૨૦૨૬ |

**જયુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**
**કોડ:જીજે.૦૧૪૪૦**

| | |
|---|---|
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો CRPC-428 મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ઉમેશભાઇ ગુલાબભાઇ ખટીક | ૯-૯-૨૦૨૦ | ૯-૯-૨૦૨૦ | ભારતીય દંડ સંહિતા ની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી. એકટ ની કલમ-૧૭૭, ૧૮૪ | વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકયા | - | - |

**:: નમુનો -ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી તથા દસ્તાવેજી પુરાવા**

**અ. ફરીયાદપક્ષ**

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદી ભાઇલાલભાઇ કાભઇભાઇ | ફરીયાદી |
| ૨ | પી.૧ | ફરીયાદ | - |
| ૩ | ૧૨ | સાહેદ ઉષાબેન ભાઇલાલભાઇ | સાહેદ |
| ૪ | ૧૩ | સાહેદ હિંમતસીહ ઇશ્વરભાઇ | સાહેદ |
| ૫ | ૧૪ | ત.ક.અ.વિઠલભાઇ રામભાઇ | ત.ક.અ. |
| ૬ | પી.૨ | ગુનાવાળી જગ્યાની પંચનામુ | - |
| ૦૭ | પી.૩ | ગાડીનુ પંચનામુ | - |
| ૦૮ | પી.૪ | ઉષાબેનનુ સારવાર સર્ટીફીકેટ | - |

# :: જ જ મે ન્ટ ::

## (૧) કેસની ટુંકી હકીકત :-

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો, આ કામના આરોપીએ તા.૨૮-૦૭-૨૦૨૦ ના રોજ કલાક ૧૩/૪૫ સુમારે મોજે રઘવાણજ ટોલ ગેટ સંધાણા ગામની સીમ ને.હા.નં.૪૮ ફાસ્ટ ટ્રેકમાં પોતાની સ્વીફ્ટ ગાડી નં.જીજે.૦૧.આર.ઝેડ.૮૦૩૩ ઘુસાડી દેતા તે ગાડી પરત રીવર્સ લેતા પોતાનાની ગાડી બેફીકરાઇ અને ગફલત ભરી રીતે બેદરકારીથી રીવર્સ લેતા બીજા ટ્રેકમા લઇ જવા

જતા ટ્રેકની બાજુમા ઉભેલ ફરીયાદીના સાહેદ ઉષાબેન સાથે ગાડી અથડાવી એકસીડન્ટ કરી શરીરે વતાઓછી ઈજાઓ પહોચાડી ડાબા પગે સખત અને ગંભીર ઈજા કરી ગુનો કરતા આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવતા પોલીસ ગુનો નોધી તપાસના અંગે હાલનાં આરોપી વિરુધ્ધ ચાર્ઝસીટ રજુ કરેલ છે.

(૨) **ન્યાયીક કાર્યવાહી :–**

આ કામના આરોપી સામે ચાર્ઝસીટ રજુ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થયેલ. ત્યાર બાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૦ મુજબ ચાર્ઝસીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૬૩ અન્વયે ગુના અંગેની સમજ કરી, આરોપીનો **આંક–૯** થી ગુના અંગેનો જવાબ નોધતા,તેમાં આરોપીએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

(૩) **બચાવપક્ષનો પુરાવો :–**

ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવા લક્ષમાં લેતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોધવામાં આવેલ છે.

(૪) **દલીલો ::**

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી.

(૫) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કાસના આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

## :: મુદાઓ ::

*(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૮–૦૭–૨૦૨૦ ના રોજ કલાક ૧૩/૪૫ સુમારે મોજે રઘવાણજ ટોલ ગેટ સંધાણા ગામની સીમ ને.હા.નં.૪૮ ફાસ્ટ ટ્રેકમાં પોતાની સ્વીફ્ટ ગાડી નં.જીજે.૦૧.આર.ઝેડ.૮૦૩૩ ઘુસાડી દેતા તે ગાડી પરત રીવર્સ લેતા પોતાનાની ગાડી બેફીકરાઈ અને ગફલત ભરી રીતે બેદરકારીથી રીવર્સ લેતા બીજા ટ્રેકમા લઈ જવા જતા ટ્રેકની બાજુમા ઉભેલ ફરીયાદીના સાહેદ ઉષાબેન સાથે ગાડી અથડાવી એકસીડન્ટ કરી શરીરે વતાઓછી ઈજાઓ પહોચાડી ડાબા પગે સખત અને ગંભીર ઈજા કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?*

*(૨) શું હુકમ ?*

(૬) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

## :: નિર્ણયો ::

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

## :: કારણો ::

(૭) ફરીયાદપક્ષે આંક–૧૧ થી ફરીયાદી ભાઈલાલભાઈ કાભઈભાઈ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આજથી પાંચ વર્ષ અગાઉ બપોરના સમયે સંધાણા ટોલટેક્ષ પાસે બનેલો. બનાવ સમયે તેઓ તેમની વેગનાર ગાડી લઈને તેમના પત્ની સાથે નડીયાદ આવેલા અને નડીયાદ કામ પતાવી વિરમગામ પરત જતા હતા, ગાડી તેઓ ચલાવતો હતા, તેમના પત્ની ખાલી સીટ ઉપર ખાલી સાઈડે બેઠેલ હતા. તેઓએ તેમની ગાડી ફાસ્ટ ટ્રેકમાં લીધેલી અને તેના માણસે બીજી ટ્રેકમાં જવાનુ કહેતા તેઓએ ગાડી રીવર્સ લેતા હતા અને તેમના પત્ની નીચે ઉતરી બાજુમાં ઉભા રહી રીવર્સ

લેવડાવતા હતા તે વખતે તેમની ગાડી આગળ એક મારુતી ગાડી વાળો એકદમ રીવર્સ લઇ તેમના પત્નીને અથડાવી દીધેલ અને તેમના પત્નીને ડાબા પગે ઈજાઓ થયેલી. જેથી તેઓએ તેમના સાળા હિંમતસીંહને જાણ કરેલ અને તેમના પત્નીને નડીયાદ હોસ્પીટલ માં સારવાર માટે લઇ ગયેલા. અકસ્માત કરનાર ગાડીનો નંબર જોયેલ નહી કે તેના ચાલકને જોયેથી ઓળખી શકે નહી. બનાવ અંગેની ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં સહી છે જે ઓળખે છે જેને આંક–પી.૧ આપવામાં આવેલ છે. સદર કેસના આરોપીને ઓળખતા નથી. સદર કેસ તેઓ આગળ ચલાવવા માંગતા નથી. સદર સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

(૭.૧) આંક–૧૨ થી સાહેદ ઉષાબેન ભાઈલાલભાઈ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી પાંચ વર્ષ અગાઉ બપોરના સમયે સંધાણા ટોલટેક્ષ પાસે બનેલો. બનાવ સમયે તેઓ અને તેમના પતિ વેગનાર ગાડી લઈને નડીયાદ કામ પતાવી વિરમગામ પરત જતા હતા, ગાડી તેમના પતિ ચલાવતા હતા, તેણી ખાલી સીટ ઉપર ખાલી સાઈડે બેઠેલ હતી. તેઓ તેમની ગાડી ફાસ્ટટેકમાં લીધેલી અને તેના માણસે બીજી ટેરકમાં જવાનુ કહેતા તેમની ગાડી રીવર્સ લેતા હતા અને તેણી નીચે ઉતરી બાજુમાં ઉભા રહી ગાડી રીવર્સ લેવડાવતી હતી તે વખતે તેમની ગાડી આગળ એક મારુતી ગાડી વાળો એકદમ રીવર્સ લેતા તેણીને અથડાવી દીધેલ. બનાવમાં તેણીને ડાબા પગે ઈજાઓ થયેલી જેથી તેણીના પતિએ હિંમતસીંહને જાણ કરેલ અને નડીયાદ હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલા. અકસ્માત કરનાર તેના ચાલકને જોયેથી ઓળખી શકે નહીં. આરોપીને ઓળખતા નથી. બનાવ અંગે જવાબ લીધેલ. સદર

કેસ તેઓને આગળ ચલાવવા માંગતા નથી.

(૭.૨) આંક–૧૩ થી સાહેદ હિંમતસીહ ઇશ્વરભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી પાંચ વર્ષ અગાઉ બપોરના સમયે સંધાણા ટોલટેક્ષ પાસે બનેલો. બનાવ સમયે તેઓ ઘરે હતા, તેમના બેન અને બનેવી નડીયાદ કામ પતાવી વિરમગામ પરત જતા હતા, તે વખતે બપોરના સમયે તેમના બનેવીનો ફોન આવેલો અને જણાવેલ કે અમે અમારી ગાડી ફાસ્ટટેરકમાં લીધેલી અને તેના માણસે બીજી ટેરકમાં જવાનુ કહેતા અમારી ગાડી રીવર્સ લેતા હતા અને ઉષાબેન નીચે ઉતરી બાજુમાં ઉભા રહી ગાડી રીવર્સ લેવડાવતી હતી તે વખતે અમારી ગાડી આગળ એક મારુતી ગાડી વાળો એકદમ રીવર્સ લેતા ઉષાબેનને અથડાવી દીધેલ અને તેના ડાબા પગે ઇજાઓ થયેલી છે. જેથી તેઓ સ્થળ ઉપર આવેલો અને તેમના બેનને નડીયાદ હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલા. અકસ્માત કરનાર ગાડીનો નંબર જોયેલ નથી કે તેના ચાલકને જોયેથી ઓળખતા નથી. બનાવ અંગે જવાબ લીધેલ. આરોપીને ઓળખતા નથી. સદર કેસ તેઓ આગળ ચલાવવા માંગતા નથી.

(૭.૩) આંક–૧૪ થી ત.ક.અ. વિઠલભાઇ રામભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૦ ની સાલમાં માતર પો.સ્ટેમાં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હતા તે વખતે માતર ફસ્ર્ટ ગુના નં.૨૦૯/૨૦ ઇ.પીકો કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમવી એકટના ગુનાની તપાસ મળેલી. તપાસના કામે ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લઇ તા.૨/૮/૨૦ ના રોજ પંચો રૂબરૂ ગુનાવાળિ જગ્યાનું પંચનામુ કરેલુ. પંચનામુ બતાવવામાં આવે છે તેમા રૂબરૂ પંચોની સહીઓ છે જે ઓળખે છે.જેને આંક–પી.ર આપવામાં આવેલ છે. તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ. આરોપીને તા.૯/૯/૨૦ નારોજ હાજર રહેવા સી.આર.પી.સી ની કલમ ૪૧(૧)એ હેઠળ નોટીસ આપતા તેઓ હાજર રહેલ. તેઓએ ગુનો

કરતી વખતે વાપરેલ સ્વીફટ ગાડી રજુ કરતા પંચો રૂબરૂ ગાડીનુ પંચનામુ કરેલુ. પંચનામુ બતાવવામાં આવે છે તેમા રૂબરૂ પંચોની સહીઓ છે જે ઓળખે છે જેને આંક–પી.૩ આપવામાં આવેલ છે તેમજ ઇજા પામનાર સાહેદનુ સારવાર સર્ટી તપાસના કામે સામેલ છે જેને આંક–પી.૪ આપવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ ના.કોર્ટમાં ચાર્ઝશીટ કરેલ. આરોપી કોર્ટમાં હાજર નથી.

સદર કેસ આરોપીની ગેરહાજરીમાં બી.એન.એસ.ની કલમ–૩૩૫ મુજબ ચાલતો હોય કોઇપણ સાહેદની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી.

**પુરાવાનુ મુલ્યાંકન ::**

(૮) હવે આક્ષેપિત ગુનો સાબીત કરવા માટેનાં જે આવશ્યક તત્વો છે તે જોવામાં આવે તો આંક–૧૧ થી ફરીયાદી ભાઇલાલભાઇ, આંક–૧૨ થી ઇજા પામનાર સાહેદ ઉષાબેનનો પુરાવો વંચાણે લેતાં તેઓ ફરીયાદ હકીકત તેમજ પોલીસ નીવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે તેમજ તેઓને સદર કેસ આગળ ચલાવવો નથી તેમ જાહેર કરેલ છે. વધુમાં આંક–૧૩ થી સાહેદ હિંમતસીહ ઇશ્વરસીહનો પુરાવો વંચાણે લેતા તેઓ નીવેદનને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. તેમજ આંક–૧૪ થી ત.ક.અ. નો પુરાવો વંચાણે લેતા તેઓએ તેમની ફરજના ભાગરુપે કરેલ કાર્યવાહીનો પુરાવો આપેલ છે. વધુમાં ફરીયાદી તથા સાહેદો પોતાના પુરાવામાં ગાડીના ચાલક કે તેના નંબર વિશેની કોઇ જ હકીકત જણાવતા નથી. વધુમાં તમામ સાહેદોએ તેમના પુરાવામાં કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવી હકીકત જણાવેલ છે. આમ, સદર ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થાય તેવો પુરાવો મળી આવેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા બનાવ બાદની સ્થિતિ દર્શાવતો હોય હોય તે આધારે હાલનાં આરોપીને

કસુરવાર ઠરાવી શકાય નહી.

(૯) વધુમાં સદર કામે ફરીયાદીના સાહેદ ઉષાબેનને બનાવમાં શરીરે વતાઓછી ઈજાઓ પહોંચાડી ડાબા પગે સખત અને ગંભીર ઈજાઓ કરેલ હોવાની ફરીયાદ હકીકત છે. જે બાબતે ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ છે અને તેમાં ફરીયાદીના સાહેદને ઈજા થયેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ હાલના બનાવમાં હાલના જ આરોપી અને તેમનુ વાહન સંડોવાયેલ હોવાની હકીકત ફરીયાદ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ પુરવાર કરતા નથી. જેથી હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. જેથી આરોપી સામેનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૨ ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. આ કામના આરોપી ઉમેશભાઇ ગુલાબભાઈ ખટીક, રહે.નારણપુરા ૩૦૮ લખુડી, તા.જી.અમદાવાદ નાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૧ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

૨. સદર કામે આરોપીએ જામીન પેટે રોકડ રકમ રૂા.૧૦૦૦૦/– ના જામીનગીરી પેટે જમા લેવા **આંક–૧૯** થી અરજી રજુ રાખતા જે નામદાર કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવતા સદર કામે તા.૧૧–

૦૩–૨૦૨૬ ના રોજ **પાવતી નં.૬૯૧૩૦૩૧ થી રૂા.૧૦૦૦૦/–** રોકડ રકમના જામીન લીધેલ હોય જેને વધુ છ માસ લંબાવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ અપીલ સમય વિત્યે રોકડ રકમ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૬–૦૩–૨૦૨૬**
**માતર**

**(નરેન્દ્રકુમાર)**
**જ્યુડી.મેજી.ફ.ક.માતર**
**જજ કોડ: જીજે.૦૧૪૪૦**